# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૧/૩/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. **સેક્રેટરી**)

---

# ‘બિઝનેસ કોમ્યુનિકેશનના મહત્વ’ વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ ઝુમ એપ્લીકેશનના માધ્યમથી ‘બિઝનેસ કોમ્યુનિકેશનના મહત્વ’ વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ઇન્દોરના કોચ લાઇફ સ્કીલ્સ અનલિમિટેડના ફાઉન્ડર એન્ડ હેડ કોચ નિતીન રિશીએ બિઝનેસ કોમ્યુનિકેશન અને તેની આખી પ્રોસેસ વિશે વિસ્તૃત સમજણ આપી હતી.

નિતીન રિશીએ જણાવ્યું હતું કે, બિઝનેસ કોમ્યુનિકેશન એટલે માત્ર બોલવું કે પ્રેઝન્ટેશન આપવું એટલું હોતું નથી. કોમ્યુનિકેશનનો મહત્વનો ભાગ ગુડ લિસ્નીંગ હોય છે. વર્બલ કોમ્યુનિકેશનમાં તમે ચહેરાના હાવભાવ અને શરીરનો ઉપયોગ કરી શકો છો, જેને બોડી લેંગ્વેજ કહેવાય છે, પરંતુ બિઝનેસ કોમ્યુનિકેશનમાં સારા/નરસા બંને પ્રકારના લોકો મળી રહેશે અને બંનેની સાથે કોમ્યુનિકેશન સારુ રાખવું પડશે. ડિફીકલ્ટ લોકોને હેન્ડલ કરવા માટે કોમ્યુનિકેશન એ આર્ટ બની રહે છે. કોમ્યુનિકેશન માટે ‘વાકચાતુર્ય’ એટલે કે બોલવાની કળા ડેવલપ કરી શકાય છે. એના માટે પ્રેકટીસ અને હાર્ડવર્ક જરૂરી છે.

તેમણે કોર્પોરેટ કંપનીઓમાં મેનેજિંગ ડાયરેકટરથી વાઇસ પ્રેસિડેન્ટ વચ્ચે શરૂ થયેલુ કોમ્યુનિકેશન અંતે માર્કેટીંગ એકઝીકયુટીવ સુધી પહોંચતા તેમાં કયા પ્રકારના બદલાવ આવે છે તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહયું કે પરિવાર, કંપની, પ્રદેશ અને દેશ–વિદેશમાં કોમ્યુનિકેશન ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. કોમ્યુનિકેશનના આધારે જ કાર્યશૈલીમાં રોજિંદા બદલાવ લાવી શકાય છે. કોમ્યુનિકેશન માટે 3 E એટલે કે એનર્જી, એન્થુજીયાઝમ અને એકસાઇટમેન્ટ ખૂબ જ મહત્વનો રોલ અદા કરે છે.

નિતીન રિશીએ વધુમાં જણાવ્યું હતું કે, કોમ્યુનિકેશન નોલેજ વધારવા અને આઇડીયા ક્રિએટ કરવા માટે જરૂરી છે. કોમ્યુનિકેશન સારું હોય તો લીડરનું વિઝન ઘણુ સારું હોય છે અને તે સારી રીતે સુપરવાઇઝ કરી શકશે. કોમ્યુનિકેશનના આધારે રિલેશન ડેવલપ કરી શકાશે. હવે તો ડિજીટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પણ રિલેશન ડેવલપ કરી શકાય છે. ઘણી કંપનીઓ ગ્રાહકો સાથે રિલેશન જાળવવા જાહેરખબરની પાછળ ખર્ચ કરતી હોય છે.

તેમણે વધુમાં કહયું કે કોમ્યુનિકેશન પ્રોસેસમાં સ્પીકિંગ માટે ૩૦ ટકા, લિસ્નીગ એન્ડ ઓબ્ઝર્વીંગ માટે ૪૫ ટકા, રીડીગ માટે ૧૬ ટકા અને રાઇટીગ માટે ૯ ટકાનો સમાવેશ થાય છે. કોમ્યુનિકેશન ડાયનેમિક પ્રોસેસ છે. તેના દ્વારા વ્યકિત પોતાના વિચાર અને ભાવના સામેની વ્યકિત સમક્ષ રજૂ કરી શકે છે. જે બાબત નિર્ણય લેવા માટે યોગ્ય બની રહે છે. કોમ્યુનિકેશન માટે નડતરરૂપ થતા પરિબળો જેવા કે શરમાળ સ્વભાવ, વાત કરવાનું ફિયર, રિએકશનનું ફિયર, ઇગો, ઇગ્નોરન્સ અને પ્રિઝમ્પ્શન/એકઝમ્પ્શન વિશે તેમણે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ચેમ્બરની એનઆરજી કમિટીના સભ્ય ભાવેશ ગઢીયાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.